# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/કવા–૦૧/૧૭–૧૮/3L94 તા. 05/07/17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
જીવીબેન જગદીશભાઈ કોળી અને રૂડીબેન પોલાભાઈ રાઠોડ,
ગામ: ઘ્રામણવા,
તા. તાલાલા
જી. ગીર – સોમનાથ
મો: ૯૮૭૯૬ ૬૯૫૩૭

**વિષય :–ખેત જોડાણ મા નામ બદલી સામે વાંધા અરજી બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૫/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૭.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / FJ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૫/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૫–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: જીવીબેન જગદીશભાઈ કોળી તથા રૂડીબેન પોલાભાઈ રાઠોડ, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદારશ્રી ના પ્રતિનીધી તરીકે કરશનભાઈ વાસાભાઈ રાઠોડ હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વેરાવળ)**

---

## : હુકમ :

**ફરીયાદ : ખેત જોડાણ મા નામ બદલી સામે વાંધા અરજી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:પ્રાસણવા ખાતેના, અગાઉ ની સંયુકત માલીકી ની (૧) શ્રી અરજણભાઈ હમીરભાઈ, (૨) શ્રી પોલાભાઈ હમીર ભાઈ અને (૩) શ્રી વસાભાઈ ભગવાનભાઈ ની – સર્વે નંબર ૧૦૫ ( ૦૭ એકર ૦૫ ગુઠા ) જમીન વાળા, ( (૧) શ્રી અરજણભાઈ હમીરભાઈ, (૨) શ્રી પોલાભાઈ હમીર ભાઈ અને (૩) શ્રી વસાભાઈ ભગવાનભાઈ ની સંયુકત માલીકી ના / સહીયારા કુવા પર, અગાઉ આ જમીન ના ભાગીદાર એવા આ જમીન અને કુવા ના અન્ય ભાગીદારો ની સમંતી થી, શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પર, વર્ષ–૧૯૮૩ મા, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ અપાયેલ હતુ. આમ, જે તે સમયે સદર ખેતીવાડી વીજજોડાણ, જે ખરેખર અરજણભાઈ હમીરભાઈ ના નામનુ હોવા છતા, આ જોડાણ નો ભોગવટો, જે સદર જોડાણ ની સર્વે નંબર : ૧૦૫ ( ૦૭ એકર ૦૫ ગુઠા ) ના તમામ ભાગીદારો નો, તેમજ સદર સર્વે નંબર મા આવેલ સંયુકત માલીકી ના / સહીયારા કુવા ના ભાગીદારો નો, કાયદેસર નો રહેલ હતો. |
| ૧.૨ | ત્યારબાદ, ઉપરોકત મુંદદા નં.૧.૧ મુજબ ની વિગતેની, મુળ ખેતીવાડી સર્વે નંબર : ૧૦૫ ( ૦૭ એકર ૦૫ ગુઠા ), જે આ જમીન ના દરેક ભાગીદારો મા, વિભાજીત થયેલ હતી. એટલેકે, આ જમીન સર્વે નંબર : ૧૦૫ ( ૦૭ એકર ૦૫ ગુઠા ) કે જેમા, (૧) શ્રી અરજણભાઈ હમીરભાઈ – જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી ( ૧ એકર ૩૧ ગુઠા) (૨) શ્રી પોલાભાઈ હમીર ભાઈ – જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી ( ૧ એકર ૩૨ ગુઠા) અને (૩) શ્રી વસાભાઈ ભગવાનભાઈ ની સંયુકત માલીકી – જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી ( ૩ એકર ૨૨ ગુઠા) મા, મુળ સર્વે નંબર ૧૦૫ ની, કુલ ( ૦૭ એકર ૦૫ ગુઠા ) જમીન, જે વર્ષ–૧૯૯૮ દરમ્યાન વિભાજીત થયેલ હતી. આમ, મુળ સર્વે નંબર ૧૦૫ ની જમીન વિભાજીત થતા, સદર જમીન ના ૦૩ ભાગીદારો માહેના પ્રત્યેક ભાગીદાર ને, અલગ –અલગ / સ્વતંત્ર એવી વિભાજીત જમીન મળેલ હતી. પરંતુ, સદર સર્વે નંબર ૧૦૫ ની જમીન મા આવેલ, સંયુકત માલીકી ના કુવા પર " સદર ૦૩ ભાગીદારો નો સંયુકત હકક " કાયમ રહેલ હતો. જેથી, સદર સંયુકત માલીકી ના કુવા પર આવેલ એવા ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ નો ભોગવટો, જે – સદર ૦૩ ભાગીદારો નો – કાયમ રહેલ હતો. |
| ૧.૩ | આમ, ઉપરોકત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે ની, મુળ સર્વે નંબર ૧૦૫ ની વિભાજીત થયેલ એવી જમીન નો ભાગ, એટલેકે સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ( ૧ એકર ૩૧ ગુઠા), જે અરજણભાઈ હમીરભાઈ ના ભાગે આવેલ હતો. તે સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ( ૧ એકર ૩૧ ગુઠા) ની જમીન, જે અરજણભાઈ હમીરભાઈ એ, વર્ષ–૨૦૦૯ દરમ્યાન, (૧) અરજણભાઈ પરબતભાઈ ડાકી (૨) ઝીણાભાઈ પરબતભાઈ ડાકી (૩) જગમલભાઈ પરબતભાઈ ડાકી ને, વેચાણ આપેલ હતી. આ વેચાણ આપેલ સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ( ૧ એકર ૩૧ ગુઠા) ની જમીન સાથે, સદર જમીન મા સીચાઈ કરવા માટે, અગાઉ સંયુકત માલીકી ના કુવા પર આવેલ વીજજોડાણ, ( આ વેચાણ સમયે, સદર કુવો, જે વસાભાઈ ભગવાનભાઈ ના ભાગની – આ સમયે, વારસાઈ એન્ટ્રી મુજબ – પુત્ર શ્રી જગદીશભાઈ વસાભાઈ ના નામે તબ્દીલ થયેલ એવા સર્વે નંબર ૧૦૫ પૈકી ની ( ૩ એકર ૨૨ ગુઠા) ની જમીન મા આવેલ, સદર સંયુકત માલીકી નો કુવો) ના ભોગવટા નો હિસ્સો પણ, શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, આ વેચાણ મા, સદર કુલ ૦૩ ખરીદનારાઓને આપેલ હતો. |

| | |
|---|---|
| **૧.૪** | આમ, ઉપરોકત મુદદા નં. ૧.૩ મુજબ ની વિગતે ની, શ્રી અરજણભાઈ હમીરભાઈ ની અંગત માલીકી ની એટલેકે સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ( ૧ એકર ૩૧ ગુઠા) ની જમીન – જે અરજણભાઈ હમીરભાઈ એ ઉપરોકત મુદદા નં. ૧.૩ મુજબ ની વિગતે, (૧) અરજણભાઈ પરબતભાઈ ડાકી (૨) ઝીણાભાઈ પરબતભાઈ ડાકી (૩) જગમલભાઈ પરબતભાઈ ડાકી ને વેચાણ કર્યા બાદ, અને આ વેચાણ મા, સદર જમીન મા સીચાઈ ના હેતુ માટે ના, સદર જમીન પર ના સંયુકત માલીકી ના હિસ્સા / ભાગ ના કાયદેસર ના હકક સાથે નુ વેચાણ, જે અરજણભાઈ હમીરભાઈ એ કરેલ હતુ. જેથી, આ સમયગાળા દરમ્યાન, શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, '' સદર જમીન ના સીચાઈ માટેના, અગાઉ ના સંયુકત માલીકો ના સંયુકત ભોગવટા હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ને પણ, આ સમયે સદર કુવાના અન્ય તમામ માલીકો / ભોગવટો ધરાવનાર ની, લેખીત સંમતીજનક સહીઓ મેળવ્યા વગર, અથવા તો, છેતરપીડીજનક સહીઓ સાથે નુ લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ મા રજુ કરીને, '' શ્રી અરજણભાઈ હમીરભાઈ એ સદર જોડાણ – જે અન્ય ભાગીદારો ને વિશ્વાસ મા લીધા વગર / અંધારા મા રાખી ને – અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે પીજીવીસીએલ મા, ખોટા છેતરપીડીજનક કેઈસ પેપર્સ રજુ કરીને, નામ બદલી ની મંજુરી વર્ષ–૨૦૧૧ મા મેળવી લીધેલ હતી. |
| **૧.૫** | આમ, ઉપરોકત મુદદા નં. ૧.૪ મુજબ ની વિગતો ને વધુ સમર્થન આપતી સ્પષ્ટતાઓ સાથે, ફરીયાદી અરજદાર શ્રી ખાસ જણાવે છે કે, '' સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮, જે મુળ સર્વે નંબર ૧૦૫ ના સંયુકત માલીકી ના કુવા પર, અને સંયુકત ભોગવટા હેઠળ નુ હોય, જે મુજબ સદર જોડાણ મા, દરેક ભાગીદારો નો સરખો જ હિસ્સો હોય, અને ત્યારબાદ સદર સર્વે નંબર ૧૦૫ તમામ ભાગીદારો મા, અંગત રીતે સર્વે નંબર ૧૦૫ ની જમીન વિતરણ થયેલ હોવા છતા, અગાઉ ના તેમજ હાલ ના તબ્બકે ના, સદર સર્વે નંબર ૧૦૫ જમીન ના ભોગવટાકારો નો હિસ્સો, જે સદર સંયુકત માલીકી ના કુવા પર ના જોડાણ પર, પ્રત્યેક ભાગીદારો નો કાયદેસર રીત નો સરખોજ હિસ્સો જ, જે આજદિન સુધી રહેલ છે. આમ, આ જોડાણ મા નામ બદલી માટે, આ જોડાણ ના કાયદેસર ના ભોગવટો ધારણ કરનાર એવા તમામ ની લેખીત સંમતીજનક સહી લેવાની બાબત, શ્રી અરજણભાઈ હમીરભાઈ માટે યોગ્ય અને વ્યાજબી તેમજ નિયમાધીન અને કાયદેસર ની હોવા છતા, વર્ષ–૨૦૧૧ દરમ્યાન, શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, સદર જોડાણ તેઓ શ્રી ના અંગત દરજજા નુ હોય, તે મુજબ ની કાર્યપધ્ધતિ અપનાવી ને, તેમજ અન્ય ભાગીદારો ને અંધારા મા રાખી ને / છેતરપીડી કરીને, ગેરકાયદેસર પ્રકાર ના દસ્તાવેજીક આધારો રજુ કરીને, સદર જોડાણ અન્ય ના નામે નામ બદલી મંજુર કરાવેલ છે. આ બાબત, પીજીવીસીએલ માટે, ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવા યોગ્ય છે. ફરીયાદી શ્રી ની આ મુજબ ની વિનંતી છે. |
| **૧.૬** | ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ, શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, ઉપરોકત મુદદા નં. ૧.૪ અને ૧.૫ મુજબ ની વિગતે, જે સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( ૦૫ હોપા), વર્ષ–૨૦૧૧ થી, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે, ગેરકાયદેસર પ્રકારે, જે નામ બદલી ની મંજુરી, મંજુરી ની પ્રક્રીયા પાસેથી મેળવી લીધેલ છે. તે ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( ૦૫ હોપા) , જે હાલ ના તબ્બકે, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે થયેલ છે. જેથી, હાલ ના તબ્બકે, તેઓ શ્રી ના નામ પર રહેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( ૦૫ હોપા) ને, હાલ ના નામ બદલી વાળા વ્યકિત અને પીજીવીસીએલ ના ગ્રાહક એવા શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી એ, પીજીવીસીએલ મા માહે માર્ચ–૨૦૧૭ મા અરજી રજુ કરી અને સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| **૧.૭** | ફરીયાદી અરજદારો (૧) શ્રી જીવીબેન જગદીશભાઈ અને (૨) શ્રી રૂડીબેન પોલાભાઈ, ફોરમ કમિટી ની મીટીગ મા રૂબરૂ ઉપસ્થિત રહેલ, તેઓ શ્રી ના પ્રતિનીધી મારફત, ફોરમ કમિટી નુ ખાસ ધ્યાન દોરતા જણાવે છે કે, '' સદર, અગાઉ મુળ સર્વે નંબર ૧૦૫ ની જમીન મા આવેલ એવા સંયુકત માલીકી ના કુવા પર ના, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( ૦૫ હોપા) ''ના કાયદેસર ના ભોગવટા નો હકક, જે સદર મુળ સર્વે નંબર ૧૦૫ ના, જે તે સમયના અગાઉ ના અને હાલ ના સદર જમીન વિભાજીત હેઠળ ના માલકો / ભોગવટકારો નો છે. જયારે, સદર જોડાણ નો અંગતપણા નો હિસ્સો, જે શ્રી અરજણભાઈ હમીરભાઈ નો વ્યકિતગત નો પ્રથમ થી આજ સુધી નથી.અને ઉપરોકત મુદદા નં. ૧.૫ અને ૧.૬ મુજબ ની વિગતે, ગેર કાયદેસર રીતે, નામ બદલી કરાયેલ એવા, હાલ ના તબ્બકે ના ગ્રાહક શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી નો પણ, સદર જોડાણ મા, અંગત પણા નો કોઈ હકક કે હિસ્સો નથી. પરંતુ, મુળ સર્વે નંબર ૧૦૫ ના ઉતરોતર ની જમીન વિતરણ ના માલીકો, અને મુળ સર્વે નંબર ૧૦૫ મા આવેલ સદર સંયુકત માલીકી ની જમીન પર ના, સંયુકત માલીકી ના કુવા પર ના, તમામ હિસ્સેદાર / ભાગીદારો નો કાયદેસર નો હકક, જે સદર સંયુકત માલીકી ના કુવા પર આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( ૦૫ હોપા) મા છે. જેથી, અરજણભાઈ પરબતભાઈ ડાકી ની અંગત અરજી થી, સદર જોડાણ ને રદબાતલ કરવાની બાબત, પીજીવીસીએલ માટે કાયદેસર રીતે યોગ્ય અને વ્યાજબી અને નિયમાધીન નથી. આ બાબત, પીજીવીસીએલ સમક્ષ ગંભીરતાપૂર્વક રજુ કરવા માટે, ફરીયાદી અરજદાર શ્રી એ, અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ નુ તેઓ શ્રી ના ગામ:ગ્રામણવા ખાતેના, ખેતીવાડી સર્વે નંબર ૧૦૫ ( સંયુકત માલીકી વાળો – એટલેકે (૧) શ્રી વસાભાઈ ભગવાનભાઈ (૨) શ્રી અરજણભાઈ હમીરભાઈ (૩) પોલાભાઈ હમીર ભાઈ – એમ કુલ ૦૩ સહીયારા ભાગીદારી વાળા, સર્વે નંબર ૧૦૫ મા), આ સર્વે નંબર ૧૦૫ મા આવેલ કુવા પર, શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પર નુ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( એ–૧ કેટેગરી હોપા ટેરીફ), જે અન્ય ભાગીદારો ના, જે તે સમય ના લેખીત સહીઓ સાથે ના સંમંતીપત્રક હેઠળ, શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પર અગાઉ તા.૩૦–૧૧–૮૩ ના રોજ રીલીઝ કરાયેલ હતુ. |
| **૨.૨** | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામનુ, સંયુકત માલીકી ની જમીન સર્વે નંબર ૧૦૫ મા આવેલ સંયુકત માલીકી વાળા કુવા પર ના, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( એ–૧ કેટેગરી હોપા ટેરીફ) વાળી જમીન સર્વે નંબર ૧૦૫ ( ૭ એકર અને ૦૫ ગુઠા), જે તા.૨૬–૧૧–૯૮ ના રોજ કુલ ૦૩ ભાગમા – એટલેકે ( (૧) શ્રી વસાભાઈ ભગવાનભાઈ – સર્વે નંબર : ૧૦૫ પૈકી ૩ એકર – ૨૨ ગુઠા (૨) શ્રી અરજણભાઈ હમીરભાઈ સર્વે નંબર : ૧૦૫ પૈકી ૧ એકર– ૩૧ ગુઠા (૩) પોલાભાઈ હમીર ભાઈ – સર્વે નંબર : ૧૦૫ પૈકી ૧ એકર– ૩૨ ગુઠા ) એમ કુલ ૦૩ સહીયારા ભાગો મા વિભાજીત થયેલ હતી. સદર વિભાજન માહેના , શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના ભોગવટા હેઠળ આવેલ એવા સર્વે નંબર ૧૦૫ પૈકી ( ૩ એકર – ૨૨ ગુઠા) વાળી જમીન નો ભાગ, કે જે હાલ ના તબ્બકા ની સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ વાળી જમીન મા, સવાલવાળો સંયુકત માલીકી નો કુવો અને વીજજોડાણ આવેલ છે, તે જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી નો ભોગવટો, જે હાલ ના તબ્બકે, શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના સીધીલીટી ના વારસદારો (૧) શ્રી કરશનભાઈ વસાભાઈ ના ભાગે, સર્વે નંબર ૧૦૫ પૈકી ની જમીન ( ૧ એકર ૩૧ ગુઠા), (૨) શ્રી જગદીશભાઈ વસાભાઈ, સર્વે નંબર ૧૦૫ પૈકી ની જમીન ( ૧ એકર ૩૧ ગુઠા) મુજબ ના ભાગો મા, તા.૨૬–૧૧–૯૮ ના હકકપત્રક મુજબ, વિભાજીત થયેલ છે. |
| **૨.૩** | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, મુળ સર્વે નંબર ૧૦૫ ની વિભાજીત થયેલ એવી, શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામની સર્વે નંબર ૧૦૫ પૈકી ની જમીન, જે ખરેખર સર્વે નંબર : ૧૦૫ પૈકી ૩ ની જમીન ( ૧ એકર– ૩૧ ગુઠા), જે સદર સર્વે નંબર : ૧૦૫ પૈકી ૩ ની વિભાજીત થયેલ એવી જમીન, જે મુળ માલીક શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, (૧) શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી, (૨) શ્રી ઝીણાભાઈ પરબતભાઈ ડાકી અને (૩) શ્રી જગમલભાઈ પરબતભાઈ ડાકી વગેરે કુલ ૦૩ સહીયારા આસામીઓને, તા.૨૭–૦૩–૦૯ ના વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ હતી. |
| **૨.૪** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે ની, સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ની જમીન (૧ એકર– ૩૧ ગુઠા), જે મુળ માલીક શ્રી અરજણભાઈ હમીરભાઈ એ (૧) શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી (૨) શ્રી ઝીણાભાઈ પરબતભાઈ ડાકી (૩) શ્રી જગમલભાઈ પરબતભાઈ ડાકી વગેરે કુલ ૦૩ આસામીઓને, તા.૨૭–૦૩–૦૯ ના વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ હોવાના કારણોસર – શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી એ, સદર જમીન ખરીદનારાઓ એવા કુલ ૦૩ આસામીઓ માહેના, ૦૧ આસામી, એટલેકે શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે – અગાઉ ની મુળ સર્વે નંબર ૧૦૫ વાળી સદર જમીન, જે હાલ ના તબ્બકે, સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ ની જમીન, કે જે શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના નામ પર તબ્દીલ થયેલ છે. તેસર્વે નંબર ૧૦૫ પૈકી ૪ ની જમીન મા આવેલ, સંયુકત માલીકી ના / સહીયારા એટલેકે (૧) શ્રી વસાભાઈ ભગવાનભાઈ (૨) શ્રી અરજણભાઈ હમીરભાઈ (૩) પોલાભાઈ હમીર ભાઈ – એમ કુલ ૦૩ સહીયારા ભાગીદારી વાળા, સર્વે નંબર ૧૦૫ મા, એટલેકે હાલ ના તબ્બકે ના સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ મા આવેલ એવા સંયુકત માલીકી / સહીયારા એવા ભાગીદારી વાળા કુવા પર – જે મુળ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( એ–૧ કેટેગરી હોપા ટેરીફ) – જે મુળ ગ્રાહક શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પરનુ હતુ, તે ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( ૦૫ હોપા), જે મુળ ગ્રાહક શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, સદર જમીન ની તા.૨૭–૦૩–૦૯ ના રોજ ની ખરીદી વાળા એવા– ૦૩ ભાગીદારો સર્વ શ્રી (૧) અરજણભાઈ પરબતભાઈ ડાકી (૨) શ્રી ઝીણાભાઈ પરબતભાઈ ડાકી (૩) શ્રી જગમલભાઈ પરબતભાઈ ડાકી, માહેના શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે – સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા), નામ |

| | |
|---|---|
| | બદલી કરવા માટે, પીજીવીસીએલ મા વિધીસર ની અરજી આપેલ હતી. અને જે તે સમયે, નામ બદલી ની સદર અરજી સાથે, ''સદર સંયુકત માલીકી / સહીયારી ભાગીદારી વાળા કુવા પર ના સદર જોડાણ ના, કાયદેસર ના અન્ય હિસ્સેદારો'' નુ રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર નુ, તા.૧૭–૦૬–૧૬ ના રોજ નુ, સદર અન્ય ભાગીદારો ની લેખીત સહીઓ સાથે નુ, લેખીત સંમતીપત્રક પણ પીજીવીસીએલ મા રજુ કરેલ હતુ. જેથી, પીજીવીસીએલ તરફથી, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા), જે મુળ ગ્રાહક શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પરથી, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામ પર, તા.૦૨–૦૮–૧૧ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના દફતર મા, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) ના બીલીંગ એકાઉન્ટ મા નામ બદલી થયેલ હતુ. |
| **૨.૫** | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે નુ, સર્વે નંબર ૧૦૫ પૈકી ( ૧ એકર– ૩૧ ગુઠા) ની જમીન, કે જે જમીન કુલ ૦૩ આસામીઓ ના નામ પર ની જમીન પર નુ, ઉપરોકત મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે નુ, હાલ ના તબ્બકે નુ અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે, તા.૦૨–૦૮–૧૧ ના રોજ નામ બદલી થયેલ એવુ, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( એ–૧ કેટેગરી હોપા ટેરીફ) – જે સદર જમીન ના કુલ ૦૩ આસામીઓ માહેના, અરજણભાઈ પરબતભાઈ ડાકી – સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની તા.૦૩–૦૩–૧૭ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ દ્વારા, સદર જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. |
| **૨.૬** | પરંતુ, ઉપરોકત મુદદા નં.૨.૩, ૨.૪ અને ૨.૫ મુજબ ની વિગતે નુ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮ ( એ–૧ કેટેગરી હોપા ટેરીફ) , જે હાલ ના તબ્બકે, સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ ની જમીન મા આવેલ છે, અને હાલ ના તબ્બકા ની, વિભાજીત કરાયેલ એવી આ સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ ની જમીન, કે જે મુળ શ્રી વસાભાઈ ભગવાનભાઈ ની હતી, અને હાલ ના તબ્બકે, શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના સીધીલીટી ના વારસદારો (૧) શ્રી કરશનભાઈ વસાભાઈ ના ભાગે, સર્વે નંબર ૧૦૫ પૈકી ની જમીન ( ૧ એકર ૩૧ ગુઠા), (૨) શ્રી જગદીશભાઈ વસાભાઈ, સર્વે નંબર ૧૦૫ પૈકી ની જમીન ( ૧ એકર ૩૧ ગુઠા) મુજબ ના ભાગો મા, તા.૨૬–૧૧–૯૮ ના હકકપત્રક મુજબ, વિભાજીત થયેલ છે. તે જમીન ના માલીકો એવા સ્વ શ્રી (૧) શ્રી પોલાભાઈ હમીરભાઈ ના સીધીલીટી ના વારસદાર ( પત્નિ શ્રી રૂડીબેન પોલાભાઈ ) તેમજ (૨) શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના સીધીલીટી ના વારસદાર એવા ( શ્રી જીવીબેન જગદીશભાઈ ) એ – સદર જોડાણ, જે તેઓ શ્રી ની ઉતરોતર વારસાઈ હકક મુજબ ની સંયુકત માલીકી ની જમીન પર, અને ઉતરોતર વારસાઈ હકક મુજબ, સંયુકત માલીકી ના કુવા પર નુ હોય, આવા કારણોસર, સદર મુળ જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી ના અગાઉ ના ૦૩ સહીયારા ભાગીદારો, તેમજ સદર જમીન પર ના સંયુકત માલીકી ના કુવા ના સદર ૦૩ ભાગીદારો નો, સદર કુવા ના જોડાણ પર સહીયારો હિસ્સો રહેલ હોવાના કારણોસર, એટલેકે સદર સંયુકત માલીકી વાળા કુવા પર, હાલ ના તબ્બકે ના, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) ના, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી પણ માત્ર ભાગીદાર જ હોય, સંપૂર્ણ રીતે અંગત માલીકી ધરાવતા ન હોય, આવા કારણોસર, અરજણભાઈ પરબતભાઈ ડાકી ને સદર જોડાણ રદબાતલ કરવાનો કોઈ કાયદેસર નો અધિકાર રહેતો નથી. જેથી, અરજણભાઈ પરબતભાઈ ડાકી ની, પીજીવીસીએલ સમક્ષ ની, ઉપરોકત મુદદા નં. ૨.૫ મુજબ ની વિગતે ની, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની અરજી ના આધાર પર, સદર જોડાણ ને, રદબાતલ ન કરવાની પીજીવીસીએલ મા, શ્રી જીવીબેન જગદીશભાઈ અને શ્રી રૂડીબેન પોલાભાઈ એ, પીજીવીસીએલ મા લેખીત વાંધા અરજી આપેલ છે. જેથી, પીજીવીસીએલ ની સબંધક તાલાળા પેટા વિભાગીય કચેરી તરફથી, સદર જોડાણ, જે હાલ ના તબ્બકે, રદબાતલ ન કરતા, સદર જોડાણ ને રદબાતલ ન કરવા / ન કરવા બાબતે નુ, ઉપલી / સક્ષમ કચેરી નુ તા.૦૧–૦૪–૧૭ ના રોજ માર્ગદર્શન માંગેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ઓ ના જણાવ્યા મુજબ નુ સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા), જે ગામ:ધ્રામણવા ના મુળ સર્વે નંબર ૧૦૫ વાળી સંયુકત માલીકી ની સહીયારી ભાગીદારી વાળી જમીન પર ના, સંયુકત ભાગીદારી વાળા એવા સંયુકત માલીકી ના કુવા પર, – અગાઉ ના, સદર મુળ સર્વે નંબર ૧૦૫ ના, કુલ ૦૩ ભાગીદારો માહેના, ૦૨ ભાગીદારો ( સ્વ શ્રી વસાભાઈ ભગવાનભાઈ અને અરજણભાઈ હમીરભાઈ ) ની લેખીત સંમતી હેઠળ, ભાગીદાર એવા શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પર તા.૧૩–૧૧–૧૯૮૩ ના રોજ ચાલુ કરાયેલ છે. |
| **૩.૨** | ત્યારબાદ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની, મુળ સર્વે નંબર ૧૦૫ વાળી, સંયુકત માલીકી ની ખેતીવાડી ની જમીન, જે સદર જમીન ના ૦૩ ભાગીદારો ( શ્રી અરજણભાઈ હમીરભાઈ , શ્રી વસાભાઈ ભગવાનભાઈ અને પોલાભાઈ હમીર ભાઈ ) મા, તા.૨૬–૧૧–૯૮ ના રોજ વિભાજીત થયેલ હતી. પરંતુ, મુળ સર્વે નંબર ૧૦૫ મા આવેલ એવા સંયુકત માલીકી ના કુવા માથી પાણી મેળવીને, પ્રત્યેક ને મળેલ ભાગીદારી વાળી જમીન પર સીચાઈ કરવાનો, હકક જે સદર ૦૩ ભાગીદારો મા યથાવત રહેલ હતો. આમ, સદર કુવા પર અગાઉ તા.૧૩–૧૧–૧૯૮૩ ના રોજ ચાલુ કરાયેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) મા પણ, સદર ૦૩ ભાગીદારો નો હિસ્સો યથાવત રહેલ હતો. |
| **૩.૩** | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ના, મુળ સર્વે નંબર ૧૦૫ વાળી જમીન નો, વિભાજન મુજબ ના સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ( ૧ એકર ૩૧ ગુઠા) ની જમીન નો હિસ્સો મેળવનાર, અને મુળ સર્વે નંબર ૧૦૫ ના કુવા મા ભાગીદારી ધરાવનાર એવા, શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, સદર જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી ૩ ( ૧ એકર ૩૧ ગુઠા) ની જમીન, તેમજ સદર જમીન મા સીચાઈ કરવા માટે ના, અગાઉ ની મુળ સર્વે નંબર ૧૦૫ વાળી જમીન ના સંયુકત માલીકી ના કુવા માથી, પાણી મેળવવા માટે નો હિસ્સો, જે – શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, તા.૨૭–૦૩–૨૦૦૯ ના રોજ, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી, શ્રી જગમલ પરબતભાઈ ડાકી, ઝીણા પરબતભાઈ ડાંકી વગેરે કુલ ૦૩ આસામીઓને, '' મુળ જમીન, સંયુકત માલીકી વાળા કુવા નો હિસ્સો, તેમજ સદર કુવા પર આવેલ જોડાણ નો હિસ્સો '' વેચાણ સાથે આપેલ હતો. વિશેષ મા, શ્રી અરજણભાઈ હમીરભાઈ એ, અગાઉ ની, મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, મુળ સર્વે નંબર ૧૦૫ ના ૦૩ ભાગીદારી વાળી જમીન પર ના, સંયુકત માલીકી ના કુવા પર આવેલ, મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ, મુળ ગ્રાહક શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા), જે સદર જમીન ખરીદનારા ઓ એવા કુલ ૦૩ આસામીઓ માહેના, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે, જે તે સમયે પીજીવીસીએલ મા નામ બદલી ની અરજી આપી અને, નામ બદલી ની અરજી સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, નિયમાધીન જરૂરી એવા, સદર સંયુકત માલીકી ના કુવા ના અન્ય ભાગીદારો ની રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીપત્ર હેઠળ ની અરજી રજુ કરીને, પીજીવીસીએલ પાસેથી '' સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) મા – મુળ ગ્રાહક શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામ પરથી, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામ પર ની, નામ બદલી ની મંજુરી તા.૧૫–૦૪–૧૧ ના રોજ મેળવેલ હતી. |
| **૩.૪** | હાલ મા, ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી ઓ (૧) શ્રી જીવીબેન જગદીશભાઈ ( જે મુળ સર્વે નંબર ૧૦૫ ના મુળ ભાગીદાર શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના પુત્ર શ્રી જગદીશભાઈ વસાભાઈ ના પત્નિ ) અને (૨) શ્રી રૂડીબેન પોલાભાઈ ( જે મુળ સર્વે નંબર ૧૦૫ ના મુળ ભાગીદાર શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના પુત્ર શ્રી પોલાભાઈ હમીર ભાઈ ના પત્નિ) ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી ના, ખાસ કરીને મુદદા નં.૧.૫ મુજબ ની વિગતે, રજુ કરાયેલ ફરીયાદ મુજબ, ઉપરોકત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે ની, નામ બદલી ની પીજીવીસીએલ ની કાર્યવાહી બાબત , જે '' મુળ સર્વે નંબર ૧૦૫ વાળી સંયુકત માલીકી ની જમીન મા આવેલ સંયુકત માલીકી ના કુવા પર ના, સહીયારી જમીન / સહીયારા કુવા વાળા જોડાણ, કે જેમા – અગાઉ થી, સદર જમીન ના તમામ ભાગીદારો નો સરખો હિસ્સો રહેલ હોય, તે મુજબ ના, શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) ને, અરજણભાઈ હમીરભાઈ એ ભાગીદારી વાળા કુવા ના જોડાણ ને બદલે અંગત ઉપભોકતા હેઠળ નુ જોડાણ ગણીને, અન્ય ભાગીદારો / હિસ્સેદારો ને અંધારા મા રાખી ને છેતરપીડી યુકત કાર્યવાહી હેઠળ, સદર જોડાણ શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામે નામ બદલી ની મંજુરી પીજીવીસીએલ પાસેથી મેળવી લીધેલ હોવાની બાબત, ફોરમ સમક્ષ ફરીયાદ ના રૂપ મા વર્ણવેલ છે. |

| | |
|---|---|
| ૩.૫ | ફોરમ કમિટી તરફથી, ઉપરોકત મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે ની ફરીયાદી ની ફરીયાદ વાળી બાબત, જે તા.૧૫–૦૪–૧૧ ના રોજ ની, સદર જોડાણ મા નામ બદલી ની સામે ની વાંધા બાબત, અરજદાર શ્રી એ, નામ બદલી ની મંજુરી તા.૧૫–૦૪–૧૧ પછી ના આશેર ૦૭ વર્ષ બાદ, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરેલ છે. તથા, જે તે સમયે, નામ બદલી ની મંજુરી તા.૧૫–૦૪–૧૧ પછી તુરંત જ / સમયાંતરે પીજીવીસીએલ ની સબંધક કચેરીઓ મા, ફરીયાદી અરજદાર શ્રી ઓ એ આપેલ લેખીત વાંધા અરજીઓ ની નકલો પણ, ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી સાથે રજુ કરેલ નથી. તદ ઉપરાંત, પીજીવીસીએલ પક્ષકાર તરફથી પણ, સદર પ્રકાર ની વાંધા અરજીઓ, જે નામ બદલી ની મંજુરી દરમ્યાન અથવા તો મંજુરી ની તા.૧૫–૦૪–૧૧ પછી, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ થયેલ હોવાની બાબત ને પણ, સદર અરજીઓ ની નકલો ફોરમ સમક્ષ રજુ કરીને, પૂર્તતાજનક સ્પષ્ટતાઓ રજુ કરેલ નથી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર નામ બદલી ની અરજી બાબતે ની વાંધા–અરજી, જે અક્ષમ્ય વિલંબીત સમયગાળા એટલેકે ૦૭ વર્ષ પછી, ફોરમ સમક્ષ પ્રથમ વખત જ રજુ થયેલ હોવાનુ, ફોરમ કમિટી ને જણાયેલ છે. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦ ( iii) મા કરાયેલ જોગવાઈ મુજબ, '' કાર્યકારણ ઉપસ્થિત થયા પછીના, ૦૨ વર્ષ બાદ રજુ કરાયેલ એવી સવાલવાળા કારણો વાળી ફરીયાદ અરજી ના નિકાલ ની કામગીરી, અત્રેના ફોરમ ના સતાક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ઓ ની સદર જોડાણ મા નામ બદલી બાબતે ની, વાંધા ની વિગતો દર્શાવતી સદર બાબતે, અત્રેના ફોરમ તરફથી કંઈ કરવાનુ રહેતુ નથી. |
| ૩.૬ | ફરીયાદી અરજદાર શ્રી ઓ ના જણાવ્યા મુજબ નુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા), જે પ્રથમ થી જ સહીયારી ભાગીદારી વાળી મુળ સર્વે નંબર ૧૦૫ ની જમીન પર ના, સહીયારી ભાગીદારી વાળા કુવા પર, સદર સહીયારી જમીન / કુવાના ભાગીદારો માહેના, ભાગીદાર એવા શ્રી અરજણભાઈ હમીરભાઈ ના નામે, અગાઉ તા.૧૩–૧૧–૮૩ થી ચાલુ કરાયેલ છે. અને હાલ ના તબ્બકે, આ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) , જે મુળ સર્વે નંબર ૧૦૫ ની વિભાજીત થયેલ એવી, અને મુળ ભાગીદારો માહેના વારસદાર શ્રી વસાભાઈ ભગવાનભાઈ ના ભાગે આવેલ એવી જમીન સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ મા આવેલ એવા કુવા પર ચાલુ છે. હાલ ના તબ્બકે પણ, સદર સર્વે નંબર ૧૦૫ પૈકી ૪ મા આવેલ કુવા પર , અગાઉ ના ભાગીદારો તેમજ આ ભાગીદારો ના હાલ ના તબ્બકે ના વારસદારો નો, સદર કુવા માથી પાણી મેળવી અને વારસાઈ હકક મા સીચાઈ કરવા માટે નો હકક, આજદિન સુધી કાયમ રહેલ છે. આ મુજબ,સદર સંયુકત માલીકી વાળા કુવા પર આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) મા પણ, સદર અગાઉ ના અને હાલ ના તબ્બકે ના,તમામ ભાગીદારો નો, સહીયારો હકક પણ કાયમ છે. હાલ ના તબ્બકે ના ગ્રાહક અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામનુ સદર જોડાણ હોવા છતા પણ, તેઓ શ્રી ની અંગત માલીકી અને અંગત ભોગવટા હેઠળ નુ સદર જોડાણ નથી. આમ, હાલ ના તબ્બકે ના, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) ના ગ્રાહક અરજણભાઈ પરબતભાઈ ડાકી, તેઓ શ્રી ની અંગત ઈચ્છા થી, અને અંગત ના નામે કરેલ એવી તા.૦૪–૦૩–૧૭ ની, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની અરજી પરત્વે કાર્યવાહી કરી અને જોડાણ ને રદબાતલ કરી શકાય નહી. આ બાબત, અન્ય ભાગીદારો ના કાયદેસર ના હકક અને નિયમાધીન ને આનુષાંગીક બાબત છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર જોડાણ કાયમી ધોરણે રદબાતલ ન કરવાનો, આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૬ મુજબ ની વિગતે, મુળ સર્વે નંબર ૧૦૫ ની સહીયારી માલીકી ની જમીન મા, સીચાઈ કરવાના હેતુ માટેના, સદર જમીન ના તમામ સહીયારી ભાગીદારી વાળા જોડાણો માટે ના, સહીયારા હકક વાળા એવા, સદર સંયુકત માલીકી વાળા કુવા પર આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) મા – હાલ ના તબ્બકા ની, મુળ સર્વે નંબર ૧૦૫ ની જમીન ના, વિભાજન બાદ ના, સદર અગાઉ ના અને હાલ ના તબ્બકે ના,તમામ ભાગીદારો નો, સહીયારો હકક અને હિસ્સો કાયમ રહેલ છે. તેમજ, સદર કુવા પર આવેલ જોડાણ મા પણ, આ મુજબ ના તમામ ભાગીદારો નો હકક અને હિસ્સો કાયમ રહેલ છે. આમ, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) ના હાલ ના તબ્બકે ના ગ્રાહક અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામનુ, સદર ખેતીવાડી વીજજોડાણ જે અરજણભાઈ પરબતભાઈ ડાકી ના નામનુ હોવા છતા પણ, શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી ની અંગત માલીકી અને અંગત ભોંગવટા હેઠળ નુ નથી. પરંતુ, અગાઉ ની મુળ સર્વે નંબર ૧૦૫ વાળી જમીન ના, અગાઉ ના ભાગીદારો અને હાલ ના તબ્બકે ના વારસાઈ મુજબ ના ભાગીદારો, કે જેઓને સદર જમીન માહેના સંયુકત માલીકી ના કુવા પર પુરો હકક મળેલ છે. જેથી, સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૪૦૭/૦૦૨૦૫/૮( ૦૫ હોપા) નો ઉપભોકતા નો હકક, જે અગાઉ ના અને હાલ ના તબ્બકે ના તમામ ભાગીદારો અથવા તો તેઓ શ્રી ના સીધીલીટી ના વારસદારો નો છે. આવા કારણોસર, સદર જોડાણકાર / ગ્રાહક શ્રી અરજણભાઈ પરબતભાઈ ડાકી, તેઓ શ્રી ની અંગત ઈચ્છા થી, અને અંગત ના નામે, પીજીવીસીએલ મા હાલ ના તબ્બકે રજુ કરેલ એવી તા.૦૪–૦૩–૧૭ ની અરજી ના અનુસંધાને, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરી શકાય નહી. જેથી, અરજણભાઈ પરબતભાઈ ડાકી ની, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવા સબબ ની, સદર અરજી પરત્વે કાર્યવાહી કરી અને જોડાણ ને રદબાતલ કરી શકાય નહી. આ બાબત, અન્ય ભાગીદારો ના કાયદેસર ના હકક અને નિયમાધીન ને આનુષાંગીક બાબતં છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર જોડાણ કાયમી ધોરણે રદબાતલ ન કરવાનો, આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, **નિર્ણયપત્ર મળ્યા પછીનાં** ૩૦ દિવસની અંદર, **"નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક** કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" **સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી **જો નાણાંકીય** બાબત સબંધક હોય તો, **સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલ**માં વાંધા સાથે **ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ** અપીલ અરજીમાં થવો જરૂરી છે.